**અમદાવાદ (ગ્રામ્ય) ના એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં, અમદાવાદ**

**ક્રિમિનલ કેસ નં. 15191-2023**

આંક:–

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : મેલાજી પુનાજી ઝાલા

**<u>ગુનો : પ્રોહી એકટની કલમ : ૮૫(૧) મુજબ.</u>**

**<u>ચુકાદો</u>**

૧. સદર કામનું રેકર્ડ આજ રોજ સ્પેશ્યલ સિટીંગ દરમિયાન હાથ પર લઈ વંચાણે લીધું.

૨. હાલના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ધી પ્રોહીબીશન એકટની કલમ– ૮૫(૧) હેઠળનો ગુનો આચરેલ હોય તે અંગેની ફરિયાદી દવારા ધોરણસરની ફરિયાદ દાખલ કરેલ અને ત્યારબાદ આરોપી સામે પૂરતો પુરાવો જણાતા આરોપી સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજૂ થતા અત્રેની અદાલત દવારા આરોપી સામે પ્રોસેસ કરવાનો હુકમ કરેલ અને આરોપીને યોગ્ય રીતે બજવણી થઈ જતા આરોપી સ્પેશ્યલ સિટીંગ દરમિયાન હાજર થયેલ છે. આરોપીને ક્રિ.પ્રોે.કોડની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પૂરી પાડયા અંગેની ખાતરી કરેલ છે.

૩. ઉપરોકત ગુના અંગે આરોપીને તેનો ગુનો કબુલ કરી ગુના અંગે લેખિત કબુલાત પુરસીસ આપી જણાવે છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે.ગુના બદલ તેઓને ઘણો જ પસ્તાવો છે. કાયદાના અજ્ઞાનને લીધે તેમનાથી ગુનો થઈ ગયેલ છે. તેથી ભવિષ્યમાં આવો ગુનો નહીં બને તેવી ખાતરી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી છોડી મૂકવા અરજ કરેલ છે.

૪. આરોપી તરફે રજુ થયેલ ઉપરોકત ગુના કબુલાત પુરસીસ સ્વૈચ્છિક હોઈ તે નોંઘી, પરંતુ આરોપીની કબુલાત તેમની વિરુધ્ધનો પુરાવો ગણાશે તેથી સ્પષ્ટ સમજ આરોપીને આપવામાં આવેલ છે તેમ છતાં આરોપી રાજુખુશીથી ગુનો કબુલ કરે છે તેવી કોર્ટે ખાતરી કરેલ છે.

૫. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસોના ભારણને ઘ્યાને લેતા ટુંકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહીં. આરોપીનો સમય, કોર્ટનો સમય, ફરિયાદ પક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય જે આ ટ્રાયલ પાછળ થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપી હાલનો ગુનો કબુલ કરે છે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ કરેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટીલાઈઝ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિઓને ઘ્યાને લઈ તેમજ ***<u>ગુજરાત સરકાર વિરૂધ્ધ નટવર હીરાચન્દ્રજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯</u>*** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ઘ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરી ઓછો દંડ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાઈ રહે . ઉપરોકત સંજોગો ઘ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–: <u>હુ ક મ</u> :–**

આ કામના આરોપીને ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ –૮૫(૧) મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા. ૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા )** દંડ ભરવો અને જો દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા. ૦૯ મી, માહે, ડિસેમ્બર , સને. ૨૦૨૩ ના રોજ જાહેર કર્યો.

તારીખ: ૦૯ / ૧૨ /૨૦૨૩
અમદાવાદ (ગ્રામ્ય)

(હર્ષદકુમાર રમણભાઈ પટેલ)
એડી.સીવીલ જજ અને જયુ.મેજી.ફ.ક.,
અમદાવાદ (ગ્રામ્ય) નવરંગપુરા.
કોડ નં.જીજે૦૧૨૯૭